પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂક - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફરૂ સામે, ઈચ્છાનાથ, સુરત - ૩૯૫૦૦૭. Mo.: 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા સુદ દસમ, બુધવાર ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૮૧

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

### ભારત અને EU વચ્ચે અંતે ILU..ILU...: મુક્ત વેપાર કરાર પર 18 વર્ષે સમજૂતી

# વિદેશી ગાડીઓ, દારૂ, દવા, ટેકનોલોજી સસ્તા થશે

## કોસ્ટાએ કહ્યું: ગોવા સાથે જોડાયેલી ઓળખ મારા માટે ગર્વની વાત



યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટાએ પોતાને પ્રવાસી ભારતીય ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, હું યુરોપિયન કાઉન્સિલનો અધ્યક્ષ છું, પરંતુ સાથે જ હું એક 'ઓવરસીઝ ઇન્ડિયન સિટિઝન' (OCI) પણ છું. તેથી, તમે સમજી શકો છો તેમ, મારા માટે આનો એક વિશેષ ભાવનાત્મક અર્થ છે. કોસ્ટાએ વધુમાં જણાવ્યું હતું કે, મને મારી ગોવા સાથે જોડાયેલી ઓળખ પર ખૂબ ગર્વ છે, જ્યાંથી મારા પિતાનો પરિવાર આવ્યો છે. યુરોપ અને ભારત વચ્ચેનો સંબંધ મારા માટે માત્ર સત્તાવાર નથી, પણ વ્યક્તિગત પણ છે. તેમણે આ કહેતી વખતે પોતાનો ઓસીઆઇ કાર્ડ પણ બતાવ્યો હતો.

## મોદી બોલ્યા- 27 તારીખે 27 દેશો સાથે FTA-ડબલ એન્જિન

ભારત-યુરોપિયન ફ્રી-ટ્રેડ એગ્રીમેન્ટ પર વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે 27 જાન્યુઆરીએ ભારતે યુરોપના 27 દેશો સાથે આ FTA સાઈન કર્યો છે. આનાથી રોકાણને પ્રોત્સાહન મળશે, નવી ઇનોવેશન ભાગીદારીઓ બનશે અને વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈન મજબૂત થશે. આ માત્ર એક વ્યાપાર સમજૂતી નથી, પરંતુ સહિયારી સમૃદ્ધિનો રોડમેપ છે. મોદીએ આ કરારને અસ્થિર વૈશ્વિક માહોલમાં ડબલ એન્જિન વિકાસ અભિગમ ગણાવ્યો હતો.



**'તમામ** કરારોની જનની અંગેની વાટાઘાટો સંપન્ન

**ભારત** અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર

**ભારતની** ૯૩ ટકાથી વધુ વસ્તુઓને યુરોપિયન બજારોમાં કરમુક્ત પ્રવેશ મળશે, ઇયુના સભ્ય દેશોની ૯૦ ટકા વસ્તુઓ પર ભારતમાં કોઇ આયાત વેરો નહીં લાગે

**૫-૭ મહિનામાં** વિધિવત હસ્તાક્ષર થયા બાદ આ જ વર્ષમાં મુક્ત વેપાર કરાર અમલી બનશે

**નવી દિલ્હી, તા. 27 (PTI):** ભારત અને યુરોપિયન યુનિયને મંગળવારે મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) માટેની વાટાઘાટો પૂર્ણ કરવાની જાહેરાત કરી છે. આ સોદાને 'તમામ કરારોની માતા' (mother of all deals) તરીકે વર્ણવવામાં આવ્યો છે, જે અંતર્ગત ભારતના 93 ટકા શિપમેન્ટને 27 દેશોના આ સમૂહમાં કરમુક્ત પ્રવેશ મળશે, જ્યારે યુરોપિયન યુનિયન (EU) થી આયાત થતી લક્ઝરી કાર અને વાઈન સસ્તી થશે.

લગભગ બે દાયકા સુધી ચાલેલી મંત્રણાઓ બાદ સંપન્ન થયેલો આ સોદો વિશ્વના ચોથા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર ભારત અને બીજા ક્રમના સૌથી મોટા આર્થિક બ્લોક EU વચ્ચે આશરે 2 અબજ લોકોનું બજાર ઊભું કરશે. ભારત અને EU સંયુક્ત રીતે વૈશ્વિક જીડીપીમાં 25 ટકા અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં (આશરે 33 ટ્રિલિયન USD માંથી) ત્રીજો ભાગ એટલે કે આશરે 11 ટ્રિલિયન USD હિસ્સો ધરાવે છે.

EU ના ટોચના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયન અને એન્ટોનિયો કોસ્ટા સાથે શિખર સ્તરની મંત્રણા કર્યા પછી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારતે યુરોપિયન યુનિયન સાથે તેના ઈતિહાસનો સૌથી મોટો મુક્ત વ્યાપાર કરાર પૂર્ણ કર્યો છે. મોદીએ ઉમેર્યું કે, આ માત્ર એક વ્યાપાર સમજૂતી નથી, પરંતુ સહિયારી સમૃદ્ધિ માટેનો એક નવો બ્લુપ્રિન્ટ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે આ કરાર મૂલ્યની દૃષ્ટિએ ભારતની 99 ટકાથી વધુ નિકાસ

...અનુસંધાન પાના 5 પર

### વેપાર અને ડ્યુટીનું ગણિત

| વિગત | ભારત માટે ફાયદો (નિકાસ) | EU માટે ફાયદો (આયાત) |
|---|---|---|
| તરત જ ડ્યુટી મુક્તિ | ૯૦.૭% નિકાસ પર (ઝીરો ડ્યુટી) | ૪૯.૬% ટેરિફ લાઇન પર |
| તબક્કાવાર મુક્તિ | ૨.૯% (૩ થી ૫ વર્ષમાં) | ૩૯.૫% (૫, ૭ અને ૧૦ વર્ષમાં) |
| **કુલ કવરેજ** | **૯૯.૫% વેપાર મૂલ્ય** | **૯૭.૫% વેપાર મૂલ્ય** |

### શું સસ્તું થશે?

**યુરોપિયન ખાદ્ય ચીજો**: ઓલિવ ઓઈલ, પાસ્તા, ચોકલેટ, બિસ્કિટ, માર્જરિન અને ફ્રૂટ જ્યૂસ.
**પીણાં**: વાઇન, વ્હિસ્કી અને બીયર (તબક્કાવાર ડ્યુટી ઘટાડા સાથે).
**ટેક્નોલોજી**: હાઈ-ટેક મશીનરી અને કોમ્પ્યુટર પાર્ટ્સ સસ્તા થતા ભારતીય ઉદ્યોગોનો ઇનપુટ કોસ્ટ ઘટશે.
**ભારતની કઈ ચીજોની માગ વધશે?**
ટેક્સટાઈલ અને ફૂટવેર, ચા-કોફી અને તેજાના, દરિયાઈ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ અને ઓટો પાર્ટ્સ.

### ટેક્સટાઈલ સેક્ટરને મોટો લાભ થવાની આશા

**તાત્કાલિક ડ્યુટી નાબૂદીઃ કરારના અમલીકરણના પ્રથમ દિવસથી જ ભારતીય તૈયાર કપડાં પરની 12% ડ્યુટી શૂન્ય થઈ જશે. આનાથી યુરોપિયન બજારમાં ભારતીય કપડાં સીધા જ 10-12% સસ્તા થશે.**
**હાઈ-એન્ડ ફેશનઃ ભારતમાંથી માત્ર કોટન જ નહીં, પણ મેન-મેડ ફાઈબર અને પ્રીમિયમ ફેશન વસ્ત્રોની નિકાસ માટેના નવા દ્વાર ખુલશે.**

### યુરોપ ભારત સાથે-બ્રિટનના પીએમ ચીન ગયા: ટ્રમ્પને આ બધું ગમશે નહીં

**નવી દિલ્હી.** ભારત અને યુરોપિયન યુનિયન (EU) એ મંગળવારે 'બધા જ વેપાર કરારોની જનની' સમાન સોદાની જાહેરાત કરી છે, જે 'ડેડી' ટ્રમ્પને ચોક્કસપણે ગમશે નહીં. એક એવો ખંડ (યુરોપ) જેની ટ્રમ્પે પોતાની ગ્રીનલેન્ડ મેળવવાની મહત્વાકાંક્ષા વચ્ચે મજાક ઉડાવી હતી અને દબાણ કર્યું હતું, તે દેશ (ભારત) સાથે વેપાર કરાર કરી રહ્યો છે જેને ટ્રમ્પે આસમાની ટેરિફ દ્વારા ઘેરવાનો પ્રયાસ કર્યો છે; આ દ્રશ્ય નિ:શંકપણે તેમને ખટકે તેવું હશે. આ તરંગી અમેરિકી પ્રમુખ સંભવિતપણે આને ખુલ્લા પડકાર તરીકે જોશે, કારણ કે ભારત સાથેનો તેમનો વેપાર કરાર હજુ અધ્ધરતાલ છે. આનું કારણ કોઈ નીતિગત મુદ્દાઓ નથી, પરંતુ માત્ર એટલું જ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના અહમને સંતોષવાનો ઇનકાર કર્યો છે. બીજી તરફ, EU એ પણ અમેરિકા સાથેના તેના વેપાર કરારની મંજૂરી અટકાવી દીધી છે. ગયા વર્ષે નાટો ચીફ

...અનુસંધાન પાના 5 પર

### જ્યારે ભારત સફળ થાય છે...: લેયેનનો ટ્રમ્પ પર ચાબખો?!

**નવી દિલ્હી.** જ્યારે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે, "જ્યારે ભારત સફળ થાય છે, ત્યારે વિશ્વ વધુ સ્થિર બને છે, ત્યારે આ ટિપ્પણીએ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (દાવોસ) ખાતે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ વિધાનની યાદ અપાવી હતી જેમાં તેમણે કહ્યું હતું કે જ્યારે અમેરિકામાં તેજી આવે છે, ત્યારે આખા વિશ્વમાં તેજી આવે છે. વોન ડેર લેયેનની આ ટિપ્પણી એ દિવસે આવી હતી જ્યારે ભારત અને યુરોપિયન યુનિયન (EU) એ તેમના ઐતિહાસિક સોદાને આખરી ઓપ આપવાની જાહેરાત કરી હતી, જે છેલ્લા બે દાયકાથી વાટાઘાટો હેઠળ હતો. મંગળવારે નવી દિલ્હી ખાતે સંયુક્ત નિવેદન આપતા વોન ડેર લેયેને કહ્યું હતું કે, "ભારતનો ઉદય થયો છે અને યુરોપ તેનાથી ખરેખર ખુશ છે. કારણ કે જ્યારે ભારત સફળ થાય છે, ત્યારે વિશ્વ વધુ સ્થિર, વધુ સમૃદ્ધ અને વધુ સુરક્ષિત બને છે, અને તેનાથી આપણા સૌનો ફાયદો થાય છે."

## 110% આયાત ડ્યુટી ઘટીને થશે માત્ર 10%, લક્ઝરી કાર થશે સસ્તી

**યુરોપિયન** કાર માટે વાર્ષિક 2.5 લાખ વાહનોનો ક્વોટા નક્કી; 2026 થી અમલીકરણની શક્યતા

ભારત-EU FTA અંતર્ગત લક્ઝરી કાર પ્રેમીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. આ કરારથી આયાતી યુરોપિયન કારોના ભાવમાં ધરખમ ઘટાડો થવાની શક્યતા છે.

**મર્સિડીઝ-ફોક્સવેગન, BMW, Audi સસ્તી થશે?**

કઈ કંપનીઓને ફાયદો થશે?: Mercedes-Benz, BMW, Audi, Volkswagen, Renault, Porsche અને Lamborghini જેવી કંપનીઓની આયાતી કારો સસ્તી થશે.

**બ્રિટન કરતા વધુ રાહત:** ભારતે યુકેને માત્ર 37,000 કારનો ક્વોટા આપ્યો હતો, તેની સામે EU ને 6 ગણો વધુ (2.5 લાખ કાર) ક્વોટા આપ્યો છે.

**નાની કારો સુરક્ષિત:** ભારતની નાની કારની માર્કેટ (Rs 10-25 Lakh) ને સુરક્ષિત રાખવામાં આવી છે. EU આ સેગમેન્ટમાં કાર એક્સપોર્ટ નહીં કરે, માત્ર ભારતમાં ઉત્પાદન કરી શકશે.

**રેસીપ્રોકલ ક્વોટા:** જો ભારત EUને 1 લાખ કારનો ક્વોટા આપશે, તો સામે ભારત EU પાસેથી 2.5 લાખ કારનો એક્સપોર્ટ ક્વોટા મેળવશે.

**ઇલેક્ટ્રિક વ્હીકલ્સ માટેની નીતિ**

ભારતે પોતાની ઉભરતી EV માર્કેટને રક્ષણ આપવા માટે ખાસ જોગવાઈ કરી છે:

EV પર ડ્યુટીમાં ઘટાડો કરારના 5માં વર્ષ થી શરૂ થશે.

શરૂઆતના 5 વર્ષ સુધી સ્થાનિક EV ઉત્પાદકોને કોઈ વૈશ્વિક હરીફાઈનો સામનો ન કરવો પડે તે માટે સુરક્ષા આપવામાં આવી છે.

**કંપનીઓનો પ્રતિસાદ**

જોકે ડ્યુટી ઘટી રહી છે, પણ કેટલીક મોટી કંપનીઓએ તરત ભાવ ઘટાડવાની ના

...અનુસંધાન પાના

### કારના ભાવમાં મોટો ઘટાડો: આયાત ડ્યુટીમાં કપાત

| વિગત | વર્તમાન સ્થિતિ | FTA પછીનો ફેરફાર |
|---|---|---|
| આયાત ડ્યુટી | 110% (70% BCD + 40% AIDC) | તબક્કાવાર ઘટીને 10% થશે |
| વાર્ષિક ક્વોટા | મર્યાદિત | 2,50,000 કાર દર વર્ષે |
| થ્રેશોલ્ડ કિંમત | - | 15,000 Euro (s 15 Lakh) થી વધુ કિંમતની કાર |

## હવે યુરોપિયન વાઇન અને વ્હિસ્કી ભારતમાં સસ્તા થશે

**મોંઘી** યુરોપિયન વાઇન પર ડ્યુટી ઘટીને 20% થશે; સામે ભારતીય વાઇન અને દ્રાક્ષને યુરોપમાં મળશે 'ડ્યુટી-ફ્રી' એન્ટ્રી

**નવી દિલ્હી, તા. 27 :** ભારત-EU મુક્ત વ્યાપાર કરાર (FTA) હેઠળ લક્ઝરી કારોની જેમ જ યુરોપિયન વાઇન અને વ્હિસ્કીના શોખીનો માટે પણ મોટા રાહતના સમાચાર છે. આ કરારથી ભારતીય ગ્રાહકોને પ્રીમિયમ વિદેશી બ્રાન્ડ્સ સસ્તા ભાવે ઉપલબ્ધ થશે, જ્યારે ભારતીય વાઇન અને દ્રાક્ષ માટે યુરોપના દરવાજા ખુલશે.

**ભારતીય નિકાસકારો માટે મોટા ફાયદા**

**ભારતીય વાઇન:** યુરોપિયન યુનિયનના તમામ 27 દેશોમાં ભારતીય વાઇન હવે ઝીરો ડ્યુટી (Duty-Free) સાથે પ્રવેશી શકશે.

**ટેબલ ગ્રેપ્સ (દ્રાક્ષ):** ભારતને દર વર્ષે 85,000 ટન દ્રાક્ષ માટે ક્વોટા-આધારિત ડ્યુટી-ફ્રી એક્સેસ મળ્યું છે, જેનું મૂલ્ય આશરે $100 Million છે.

**ઉદ્યોગ જગતનો પ્રતિસાદ**

International Spirits & Wines Association of India (ISWAI) ના સીઈઓ સંજીત પાધીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે:

આનાથી પ્રીમિયમ ઇન્ટરનેશનલ બ્રાન્ડ્સ ગ્રાહકો માટે વધુ સસ્તી અને સુલભ બનશે.

આ સેક્ટરના વિકાસથી પ્રવાસન અને હોસ્પિટાલિટી ઉદ્યોગને પણ વેગ મળશે. માર્કેટમાં 'પ્રીમિયમાઇઝેશન' વધશે, એટલે કે ગ્રાહકો સારી ગુણવત્તાના પીણાં તરફ વળશે.

**અમલીકરણનો સમયગાળો**

આ ડ્યુટી ઘટાડો એકસાથે નહીં, પરંતુ 7 વર્ષના સમયગાળામાં તબક્કાવાર (Calibrated way) કરવામાં આવશે.

આ મોડેલ ભારત-ઓસ્ટ્રેલિયા FTA જેવું જ છે, જેમાં સ્થાનિક ઉદ્યોગને અનુકૂળ થવા માટે પૂરતો સમય આપવામાં આવે છે.

### વાઇન અને વ્હિસ્કી: નવા ટેરિફ રેટ્સ

| ઉત્પાદન | વર્તમાન ડ્યુટી | FTA પછીની નવી ડ્યુટી (તબક્કાવાર) |
|---|---|---|
| પ્રીમિયમ યુરોપિયન વાઇન | 150% | ઘટીને 20% થશે |
| યુરોપિયન સ્પિરિટ્સ (વ્હિસ્કી વગેરે) | 150% | ઘટીને 40% થશે (પ્રથમ વર્ષે 75%) |
| ઇમ્પોર્ટેડ બીયર | 110% | ઘટીને 50% થશે |

નોંધ: 2.5 યુરો (આશરે રૂ. 225)થી ઓછી કિંમતની સસ્તી વાઇન પર કોઈ ડ્યુટી રાહત આપવામાં આવી નથી, જેથી ભારતના સ્થાનિક ઉત્પાદકોનું રક્ષણ કરી શકાય.

## દિલ્હી ડાયરી



### પવાર પરિવારમાં સમાધાનના પ્રયાસો: ગૌતમ અદાણીની મધ્યસ્થી

કેન્દ્ર સરકારના પ્રિય અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ તાજેતરમાં મહારાષ્ટ્રના બારામતી ખાતે નવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) શૈક્ષણિક કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. બારામતી એ મરાઠા મજબૂત નેતા શરદ પવાર અને તેમના પરિવારનો કૌટુંબિક ગઢ છે. કેન્દ્રને ભંડોળ પૂરું પાડનાર અદાણી, શરદ પવાર અને તેમના અલગ થયેલા ભત્રીજા અજિત પવારને નજીક લાવીને ઝઘડતા પવાર પરિવારને ફરીથી એક કરવા માટે કામ કરી રહ્યા છે, જેઓ તેમના કાકાની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ને વિભાજિત કર્યા પછી મહારાષ્ટ્ર સરકારમાં નાયબ મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૭-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૨° સે. | ૧૮.૦° સે. | ૫૪% |

# UGCના સમાનતાના નિયમોનો મુદ્દો ભારે સળગ્યો: ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો

**આ કાયદાનો** દુરુપયોગ નહીં થાય તેવી સરકારની ખાતરીની કોઇ અસર નહીં

**દિલ્હીમાં** યુજીસીના વડામથકની બહાર સવર્ણ વિદ્યાર્થીઓના દેખાવો, યુપીમાં અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો

**યુપીના** ભાજપના સાંસદોને બંગડીઓ મોકલાવાઇ, ભાજપ મહિલા મોરચાના નેતાનું રાજીનામુ, બરેલીના સિટી મેજીસ્ટ્રેટનું રાજીનામુ

**નવી દિલ્હી/બરેલી, તા. 27:** સરકારે મંગળવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે જાતિગત ભેદભાવ રોકવા માટેના નવા UGC નિયમોનો દુરુપયોગ કરવામાં આવશે નહીં અને કોઈની પણ સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. બીજી તરફ, વિદ્યાર્થીઓએ આ નિયમો કેમ્પસમાં અરાજકતા પેદા કરી શકે છે તેમ કહીને વિરોધ પ્રદર્શનો કર્યા હતા. યુજીસી વડામથકની બહાર તો દેખાવો થયા જ હતા, સાથે જ યુપીમાં પણ ઠેરઠેર દેખાવો યોજાયા હતા. ભાજપના એક વરિષ્ઠ નેતા અને એક યુપીના એક વરિષ્ઠ અધિકારીએ આ નિયમના વિરોધમાં રાજીનામુ પણ આપી દીધું હોવાના અહેવાલ છે.

દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકારની નીતિઓ, ખાસ કરીને નવા UGC નિયમોના વિરોધમાં સેવામાંથી રાજીનામું આપનાર બરેલીના સિટી મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીને શિસ્તભંગના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે પોતાની વિરૂદ્ધ સુનિયોજિત કાવતરું હોવાનો આરોપ લગાવી કલેક્ટર કચેરી ખાતે ધરણા કર્યા હતા. તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ભેદભાવની ફરિયાદોની તપાસ કરવા અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે ઈક્વિટી કમિટી (સમાનતા સમિતિ) બનાવવાનો આદેશ આપતા નવા નિયમો 13 જાન્યુઆરીના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા. આ નવા નિયમો 2012ના જૂના નિયમોનું સ્થાન લેશે, જે મોટે ભાગે સલાહકારી સ્વરૂપના હતા.

અનેક રાજ્યોમાં આ નિયમોને લઈને વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ખાતરી આપી હતી કે કોઈની પણ સાથે અન્યાય થશે નહીં અને નિયમોનો દુરુપયોગ કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું, હું નમ્રતાપૂર્વક દરેકને ખાતરી આપવા માંગુ છું કે કોઈએ પણ હેરાનગતિનો સામનો કરવો પડશે નહીં, કોઈ ભેદભાવ થશે નહીં અને ભેદભાવના નામે કોઈને પણ આ નિયમનો દુરુપયોગ કરવાનો અધિકાર રહેશે નહીં. ભલે તે UGC હોય, કેન્દ્ર હોય કે રાજ્ય સરકાર, તે સૌની જવાબદારી છે અને હું ખાતરી આપું છું કે આ બધું બંધારણના દાયરામાં રહેશે. ભારે બેરિકેડિંગ અને વરસાદ વચ્ચે, દિલ્હીની વિવિધ

...અનુસંધાન પાના 5 પર

### સોનું 1.66 લાખ અને ચાંદી 3.70 લાખની નવી ઐતિહાસિક ટોચે

# સોના-ચાંદીના ભાવમાં 'સુનામી' જારી



**ચાંદીમાં** સોના કરતા વધુ જલદ તેજી ચાલુ રહી એક જ દિવસમાં ચાંદીમાં 40,500 અને સોનામાં 7,300નો જંગી ઉછાળો

**નવી દિલ્હી, તા. 27 :** રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે સોના અને ચાંદીના ભાવમાં ભારે તેજી જોવા મળી હતી. મજબૂત રોકાણકારોની માંગ અને વધતા ભૂરાજકીય તથા વ્યાપારિક તણાવ વચ્ચે વૈશ્વિક તેજીને કારણે બંને કિંમતી ધાતુઓ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે.

બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં 10 ગ્રામ દીઠ 7,300 અથવા 4.6 ટકાનો વધારો

...અનુસંધાન પાના 5 પર

### સોનું ૨૭૦૦૦ ડોલર પર જાય તે માટે ભયંકર સ્થિતિઓ સર્જાવી જરૂરી!

'રિચ ડેડ પુઅર ડેડ' ના બેસ્ટ સેલિંગ લેખક રોબર્ટ કિયોસાકીએ 'X' પર પોસ્ટ કર્યું કે, સોનું 5,000 ડોલર ને પાર કરી ગયું છે.... સોનાનું ભવિષ્ય 27,000 ડોલર છે. સોનાના ભાવનો આ આશ્ચર્યજનક લક્ષ્યાંક વોલ સ્ટ્રીટ પરની અત્યાર સુધીની સૌથી આત્યંતિક આગાહીઓ પૈકીની એક ગણાશે. મોટાભાગની મુખ્ય બેંકો અને કોમોડિટી વ્યૂહરચનાકારો સોનાના ભાવ આ સ્તર કરતા ઘણા નીચે રહેવાની ધારણા રાખે છે. હકીકતમાં, નિષ્ણાતો ચેતવણી આપે છે કે સોનાના ભાવ 27,000 ડોલરની નજીક પહોંચવા માટે આજની મોંઘવારીની ચિંતાઓ કરતા પણ કઈંક વધુ ગંભીર પરિસ્થિતિ સર્જાવી જરૂરી છે. અવતાર કોમોડિટીઝના સ્થાપક એન્ડ્રુ ગ્લાસે 'ડેઈલી મેઈલ' સાથે વાત કરતા આવી જ કેટલીક ભયંકર પરિસ્થિતિઓ ગણાવી હતી જે સોનાને આટલી ઊંચાઈએ પહોંચાડી શકે છે, જેમ કે અમેરિકામાં ગૃહયુદ્ધ ફાટી નીકળે, ચીન તાઈવાન પર કબજો કરી લે, અથવા રશિયા નાટો પર હુમલો કરે. જો આવું થાય તો સોનું ભારે ઉછળી શકે.